RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

Book-Post

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પાંગળો

Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૩ ● અંક : ૧-૨ ● સપ્ટે-ઓક્ટો-૨૦૧૬ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

## ૨૦૧૬ પેરાલિમ્પિક ગેમ્સ રિયો ડી જાનેરો ખાતે યોજાઈ

**૩૨ વર્ષ પછી ૪ મેડલ ૨ ગોલ્ડ, ૧ સિલ્વર, ૧ બ્રોન્ઝ, યાદીમાં ભારત ૩૧મા ક્રમે અને ચીન પ્રથમ ક્રમે**

ઓલિમ્પિક ગેમ્સના સમાપન બાદ બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે ૨૦૧૬ પેરાલિમ્પિક ગેમ્સનો રંગારંગ કાર્યક્રમ સાથે પ્રારંભ થયો હતો. મારાકાના સ્ટેડિયમ ખાતે યોજાયેલા ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સામ્બા ડાન્સથી તમામ મુગ્ધ થયા હતા. બ્રાઝિલિયન પેરાલિમ્પિક સ્વિમર ડેનિયલ ડાયસે બ્રાઝિલની ટુકડીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કાર્યક્રમમાં ૧૯૭૨ થી ૧૯૮૮ સુધીની પાંચ પેરાલિમ્પિક ગેમ્સમાં ભાગ લેનાર બ્રિટીશ વ્હીલચેર એથ્લેટ ફિલીપ ક્રેવાનની વિડીયો સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી.

બ્રાઝિલિયન સંગીતકાર જોઓ કાર્લોસ માર્ટિને સિંગલ પિયાનો પર બ્રાઝિલિયન એન્થમ વગાડ્યા બાદ ૧૬૪ દેશના પ્રતિનિધિઓએ સ્ટેડિયમની અંદર આગમન કર્યું હતું. ૨૨ કેટેગરીમાં રેફ્યુઝી એથ્લેટ્સ સહિત ૧૫૯ના દેશના ૪,૪૩૨ એથ્લેટ્સે

| વિજેતાનું નામ | મેડલ | રમત |
|---|---|---|
| મરિયપ્પન થાંગાવેલુ | ગોલ્ડ | ઊંચી કૂદ |
| દેવેન્દ્ર ઝાઝરિયા | ગોલ્ડ | ભાલા ફેંક |
| દીપા મલિક | સિલ્વર | ગોળા ફેંક |
| વરૂણ ભાટી | બ્રોન્ઝ | ઊંચી કૂદ |

યુનિક'' છે. પેરાલિમ્પિકમાં ભારતનું નામ રોશન કરનારા દેવેન્દ્રના કબડ્ડીની ખેલાડી મંજુ સાથે લગ્ન થયા છે. દેવેન્દ્રને ૨૦૦૫માં અર્જુન એવોર્ડ મળ્યો હતો. ૨૦૧૨માં પદ્મશ્રી મેળવનારો દેશનો પ્રથમ પેરાલિમ્પિયન બન્યો હતો. દેવેન્દ્રએ રિયો પેરાલિમ્પિકમાં ૬૩.૭૮ મીટર ગોળો ફેંકી રેકર્ડ કર્યો છે. આ સાથે જ દેવેન્દ્ર ઝાઝરિયા પેરાલિમ્પિકમાં બે ગોલ્ડ જીતનારો પ્રથમ ભારતીય એથ્લેટ બની ગયો છે. રાજસ્થાન સરકારે પંચોતેર લાખ રૂપિયા રોકડ ઈનામ અને જયપુરમાં પ્લોટ તથા શ્રીગંગાનગરમાં ખેતી માટે જમીન પણ આપશે. કેન્દ્ર સરકાર પંચોતેર લાખ રૂપિયા રોકડ ઈનામરૂપે આપશે. દેવેન્દ્ર ઝાઝરિયાને ''વિકલાંગ મિત્ર'' પરિવાર અભિનંદન પાઠવે છે.

**દીપા મલિક :**

બ્રાઝિલિયન સંગીતકાર જોઓ કાર્લોસ માર્ટિને સિંગલ પિયાનો પર બ્રાઝિલિયન એન્થમ વગાડ્યા બાદ ૧૬૪ દેશના પ્રતિનિધિઓએ સ્ટેડિયમની અંદર આગમન કર્યું હતું. ૨૨ કેટેગરીમાં રેફ્યુઝી એથ્લેટ્સ સહિત ૧૫૯ના દેશના ૪,૪૩૨ એથ્લેટ્સે ભાગ લીધો હતો. જેમાં ભારતના ૧૯ દિવ્યાંગ રમતવીરોએ ભાગ લીધો હતો. ૨૦૧૨ની લંડન પેરાલિમ્પિક કરતાં આ વખતે બે સ્પર્ધા ટ્રાઈથ્લોન તથા કનોઈંગ વધારે છે. અમેરિકન વ્હીલચેર ખેલાડી એરોનવ્લિઝના સ્ટીપ રેમ્પ ઉપરથી કરેલા દિલધડક જમ્પ બાદ સંગીત પર સ્થાનિક કલાકારોએ રંગીન પહેરવેશ, લાઈટ્સ તથા સાઉન્ડની વચ્ચે ઓપનિંગ સેરેમનીને વધુ રોમાંચક બનાવી દીધી હતી. આ વખતે વિક્રમી ૧૫૦૦ દિવ્યાંગ ખેલાડીઓના ડોપ ટેસ્ટ લેવામાં આવ્યા છે. ડોપિંગમાં પ્રતિબંધના કારણે રશિયાના દિવ્યાંગ ખેલાડીઓ આ વખતે ભાગ લઈ શક્યા નથી.

ચાર વર્ષ પહેલાં લંડન ખાતેની પેરાગેમ્સ કરતાં આ વખતે રિયો પેરાલિમ્પિકમાં ૧૨ ટકા વધુ મહિલા દિવ્યાંગ ખેલાડીઓનો વધારો થયો છે. રિયોમાં વિક્રમી ૧,૬૨૧ મહિલા દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

## મેડલ વિજેતાઓનો સંક્ષિપ્ત પરિચય

**મરિયપ્પન થાંગાવેલુ :-** ૨૦ વર્ષના મરિયપ્પન થાંગાવેલુ તામિલનાડુનાસલેજા જિલ્લાના પેરિયાવાદગમપટ્ટી રહેવાસી છે. પાંચ વર્ષની ઉંમરમાં બસ અકસ્માતના કારણે એક પગ કપાઈ ગયો. થાંગાવેલુ શાળાએ જતાં હતો ત્યારે આ અકસ્માત નડ્યો હતો. મરિયપ્પન થાંગાવેલુએ પોતાની વિકલાંગતાથી હિંમત હાર્યા સિવાય રમત-ગમતમાં રસ દાખવી ઊંચી કૂદમાં પોતાનું કેરિયર બનાવ્યું. પોતાની પ્રથમ હરિફાઈમાં બીજા નંબરે રહ્યો હતો. આ વર્ષના માર્ચ મહિનામાં ટ્યૂનીશિયામાં યોજાયેલ રમતોત્સવમાં ૧.૭૮ મીટર ઊંચી છલાંગ લગાવી હતી. પેરાલિમ્પિકમાં ક્વોલિફાય થવા માટે ૧.૬૦ મીટર ઊંચો જંમ્પ લગાવ્યો હતો. રિયો પેરાલિમ્પિકમાં ઊંચી કૂદમાં ગોલ્ડ જીતવાવાળો પ્રથમ ભારતીય એથ્લેટ છે. તેણે ૧.૮૯ મીટર ઊંચી કૂદ લગાવી હતી. તામિલનાડુ સરકારે મરિયપ્પનને બે કરોડ રૂપિયા રોકડ ઈનામની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર તરફથી પંચોતેર લાખ રૂપિયા રોકડ ઈનામ આપવામાં આવશે.મરિયપ્પન થાંગાવેલુને "વિકલાંગ મિત્ર" પરિવાર અભિનંદન પાઠવે છે.

**દેવેન્દ્ર ઝાઝરિયા :-** રાજસ્થાનના દેવેન્દ્ર ઝાઝરિયાને આઠ વર્ષની નાની ઉંમરે વીજ કરંટ લાગતાં ડાબો હાથ ગુમાવ્યો છે. આવી વિકલાંગતા હોવા છતાં "હિંમતે મર્દા તો મદદે ખુદા" ઉક્તિને સાર્થક કરતા તેણે રમત-ગમતમાં રસ લઈ ગોળા ફેંકને પોતાનું કેરિયર બનાવ્યું. રાજસ્થાન રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ચોથા ધોરણના અંગ્રેજી વિષયના પુસ્તકમાં દેવેન્દ્રની કહાની સામેલ કરી છે, અને તેનું શીર્ષક "ઈચ વન ઈઝ

લાખ રૂપિયા રોકડ ઈનામ અને જયપુરમાં પ્લોટ તથા શ્રીગંગાનગરમાં ખેતી માટે જમીન પણ આપશે. કેન્દ્ર સરકાર પંચોતેર લાખ રૂપિયા રોકડ ઈનામરૂપે આપશે. દેવેન્દ્ર ઝાઝરિયાને "વિકલાંગ મિત્ર" પરિવાર અભિનંદન પાઠવે છે.

**દીપા મલિક :-** ૪૫ વર્ષીય દીપા મલિકને કમરમાં ટ્યૂમર થવાના કારણે લકવો થયો હતો અને તે ૧૪ વર્ષના ગાળામાં શોલ્ડર બ્લેડ્ઝની વચ્ચે ૧૮૩ ટાંકા લગાવી ચૂકી છે.તે ત્રણ વખત સ્પાઈનલ ટ્યૂમર સર્જરી કરાવી ચૂકી છે. તેનું સંપૂર્ણ જીવન વ્હીલચેર પર આધારિત હોવા છતાં વિકલાંગતાને ગણકાર્યા સિવાય હિમાલયન રેલીમાં ભાગ લીધો હતો અને ૮ દિવસ ૧૭૦૦ કિલોમીટર દૂર માઈનસ ડિગ્રી તાપમાનમાં પસાર કર્યા હતા. ઓક્સિજનની ઉણપ હોવા છતાં દીપાએ હિમાલય, લેહ, જમ્મુ અને શિમલાની પર્વતમાળા વચ્ચે સફર કરી હતી. દીપા ૨૦૧૪ની એશિયન પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતી ચૂકી છે. દીપા માત્ર શોટપુટ જ નહીં, ઈન્ટરનેશનલ સ્વિમર તથા હિમાલયન બાઈકર પણ છે. સ્લિમિંગમાં તેના બનાવેલા રેકોર્ડ લિમકા બુકમાં સ્થાન પામેલા છે. દીપા પેરાલિમ્પિકના ૫૬ વર્ષના ઈતિહાસમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા એથ્લેટ બની છે. દીપાએ ૪.૬૧ મીટર શોટપુટ થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો છે. દીપા મલિકને રાષ્ટ્રપતિના હસ્તે અર્જુન એવોર્ડ પણ મળી ચૂક્યો છે. કેન્દ્ર સરકાર પચાસ લાખ રૂપિયા રોકડ ઈનામ પેટે આપશે. દીપા મલિકને "વિકલાંગ મિત્ર" પરિવાર અભિનંદન પાઠવે છે.

**વરૂણસિંહ ભાટી :-** ૨૧ વર્ષના ઉત્તરપ્રદેશના વૃણ ભાટીને બાળપણમાં પોલિયોના કારણે વિકલાંગતા આવી હતી, પરંતુ હિંમત હાર્યા સિવાય રમત-ગમતમાં રસ દાખવી ઊંચી કૂદમાં પોતાનું કેરિયર બનાવ્યું. ૨૦૧૪માં સાઉથ કોરિયામાં થયેલ એશિયન પેરા ગેમ્સમાં ઓફન એથલેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. રિયો પેરાલિમ્પિકમાં ઊંચી કૂદમાં વરૂણે ૧.૮૬ મીટર ઊંચી કૂદ લગાવીને કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યો હતો. કેન્દ્ર સરકાર વરૂણ ભાટીને ત્રીસ લાખ રૂપિયા રોકડ ઈનામના આપશે. ઉત્તરપ્રદેશ સરકાર તરફથી પણ ઈનામની જાહેરાત કરવામાં આવી છે. વરૂણ ભાટીને "વિકલાંગ મિત્ર" પરિવાર અભિનંદન પાઠવે છે.

### કેનેડાની મહિલા રમતવીર મિશેલ સ્ટિલવેલ :-

આ પેરાલિમ્પિકમાં કેનેડાની મિશેલ સ્ટિલવેલ જે ૪૨ વર્ષની છે અને બ્રિટશ કોલમ્બિયામાં કેબીનેટ મંત્રી છે. આ તેનો ચોથો પેરાલિમ્પિક છે. તે ૧૭ વર્ષની વયે જ્યારે મિત્ર પાછળ દોડતા પગથિયા પરથી પડી હતી, ત્યારે પીઠમાં ફ્રેક્ટર થયું હતું. તેને કારણે તે દિવ્યાંગ બની ગઈ હતી. તે પછી વ્હીલચેરને જ પોતાનું હથિયાર બનાવી દીધું હતું. તેના નામે ત્રણ વ્હીલચેર રેસિંગના વર્લ્ડ રેકોર્ડ નોંધાય છે. હવે તો તે મોટિવેશનલ સ્પીકર પણ છે. ત્રણ પેરાલિમ્પિકમાં ૪ ગોલ્ડ, ૧ સિલ્વર જીતી ચૂકી છે. મિશેલ એકમાત્ર મહિલા પેરાલિમ્પિક એથ્લેટ છે જે બે અલગ - અલગ રમતોમાં ગોલ્ડ જીતી ચુકી છે. ●

# દિવ્યાંગોના કૌશલ્યનું શક્તિપ્રદર્શન - રિયો પેરાલિમ્પિક

- મનોજભાઈ ગાંધી

"પોલું તો બધા વગાડે, સાંબેલું વગાડે તો જાણું." એ ઉક્તિ સમર ઓલિમ્પિકને જોતાં જ યાદ આવી જાય. સાજાસમા ખેલાડીઓ રમતની દુનિયામાં પોતાની ક્ષમતા દેખાડે એમાં તે શી ધાડ મારી ? પણ જ્યારે હાથ ફક્ત અવશેષરૂપે જ હોય કે પગ હોય જ નહીં ત્યારે એવી વ્યક્તિ રમતના મેદાનમાં કૌશલ્ય દેખાડી જાય ત્યારે મોંમાં આંગળાં નાખી દેવાય. ત્યારે આગામી ૭મી સપ્ટેમ્બરથી રિયો ખાતે યોજાનારા રિયો પેરાલિમ્પિકમાં આવા જ દિવ્યાંગો તેમનો કરિશ્મો દેખાડતા જોવા મળશે. જેમાં ભારતના ૧૭ દિવ્યાંગો પણ પોતાની તાકાત દેખાડશે.

બે મીનીટ માટે આંખ બંધ કરીને જીવી જુઓ તો સમજાય કે પ્રજ્ઞાચક્ષુઓ કઈ રીતે જીવતા હશે. હાથ ન હોય તો આપણે રોજિંદા કેટલાય કામો કરી ન શકીએ એ તો કલ્પના કરીએ તો પણ ધ્રૂજી જવાય. આપણે ત્યાં તો આપણી આસપાસ કેયાંય દિવ્યાંગો મજબૂર બનીને જીવતા હોય એ જોવા મળી જાય. પોલિયો થયો હોય કે આંખની દ્દષ્ટિ ખોવાઈ ગઈ હોય તો બેબસ જિંદગી નસીબમાં આવી જાય. પરંતુ દિવ્યાંગોમાં પણ કૌશલ્ય ભરેલું હોય છે. ફક્ત તેમને તક મળવી જોઈએ. હવે તો કેટલાય દિવ્યાંગો ઉચ્ચ અભ્યાસ કરીને ઉચ્ચ પદો ઉપર બિરાજમાન થયા છે. તો વળી કેટલાય દિવ્યાંગો રમતના મેદાનમાં પણ શક્તિ દેખાડી દેવા માટે થનગનતા હોય છે. ઓલિમ્પિકની વાત નીકળે તો સાજાસમા ખેલાડીઓ પોતાની શક્તિ થકી કેટલાંય રેકર્ડ બ્રેક કરતા હોય છે. વિકલાંગો એ સામાન્ય ખેલાડી સામે સ્પર્ધા કરી શકે નહીં, તે ધ્યાનમાં રાખીને જ છ દાયકા પહેલાં પેરાલિમ્પિકનો પ્રારંભ થયો હતો.

રિયોમાં સમર ઓલિમ્પિક યોજાઈ ગયા બાદ હવે ૭મી સપ્ટેમ્બરથી પેરાલિમ્પિકનો પ્રારંભ થઈ રહ્યો છે. જો કે, આ વખતે પેરાલિમ્પિકના ઈતિહાસમાં પહેલી વખત એવું થઈ રહ્યું છે કે જે શહેરમાં સમર ઓલિમ્પિક યોજાય એ જ શહેરમાં પેરાલિમ્પિક યોજાઈ રહ્યોછે. તમે માનશો કે દિવ્યાંગોની ઓલિમ્પિક તો વળી સામાન્ય જ હશે ! તો તમે ભીંત ભૂલો છો. આ વખતે ૧૭૬ દેશોના ૪૫૦૦ એથ્લિટીરિયો પેરાલિમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે. રિયોમાં તો બે નવી રમત પણ આ વખતે શરૂ થઈ રહી છે : કેનોઈંગ

હોય એમ જ છે. હથેળી નથી. ત્યાંથી જ હાથ કુંઠિત થઈ ગયેલા છે. આમ છતાં તે સ્વિમિંગમાં અવ્વલ છે. તે ૨૦૧૫ની સ્વિમિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપ અને લંડન પેરાલિમ્પિકમાં પણ ગોલ્ડ મેડલ જીતી ગયો હતો.

ટેનિસ તો કેવી પાવરપેકડ રમત છે. તેમાં આપણે સાનિયા મિર્ઝા કે વેનિસ કે તેની બહેનને રમતા જોઈએ તો લાગે કે યાર, આ તો આપણા બસની વાત નથી. સતત કોર્ટમાં એક છેડેથી બીજા છેડા સુધીની ભાગદોડ કરતા રહીને રેકેટ ઘુમાવીને પરફેક્ટ જજમેન્ટ થકી બોલને ફટકારતા રહેવું ખાવાના ખેલ તો નથી જ. એ સંજોગોમાં વ્હીલચેર પર બેસીને ટેનિસ રમવું તો કેટલું મુશ્કેલ બની જાય, છતાં પેરાલિમ્પિકમાં ટેનિસ ઉપર પણ પોતાના કાંડાની કમાલ દેખાડવા માટે ઘણા ટેનિસ પટુઓ તૈયાર છે.

નેધરલેન્ડની જેસ્કે ગ્રીફીઓન એવી જ એક ખેલાડી છે. જેસ્કેના પગ કામ કરતા નથી. એ સંજોગોમાં વ્હીલચેર વિના તે ફરી પણ શકતી નથી. આમ છતાં તે ટેનિસ રમવામાં કમાલની ચપળતા દાખવે છે. એ ઓસ્ટેલિયન ઓપનમાં ગયા વર્ષે ગોલ્ડ મેડલ જીતી ગઈ હતી. તેણે લંડન ઓલિમ્પિકમાં સિલ્વર અને સિંગલ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

ભારત આ પેરાલિમ્પિકમાં ક્યાં છે...?

ભારતે રિયો ખાતે ૫ રમતોમાં ૧૯ ખેલાડીઓને ભાગ લેવા મોકલ્યા છે. ભારત પેરાલિમ્પિકમાં ૧૯૬૮થી ભાગ લે છે. આ વર્ષે ભારતના ૧૬ પુરુષો અને ત્રણ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. જેમ સમર ઓલિમ્પિકમાં ભારતે અતાયર સુધી સૌથી વધુ ખેલાડી મોકલ્યા હતા. એમ પેરાલિમ્પિકમાં પણ પહેલી વખત સૌથી વધુ ખેલાડીઓ મોકલ્યા છે. બે મહિલા ખેલાડીઓમાંથી પૂજા આર્ચરીમાં અને બીજી દીપા મલિક શોર્ટપુટમાં સ્પર્ધા કરશે. જ્યારે પુરુષ ખેલાડીઓમાં ટ્રેક ઈન્વેટમાં અંકુર ધમા, હાઈજમ્પમાં મરિયપ્પન થાંગાવેલુ, વરૂણસિંહ ભાટી, શરદકુમાર, રણપાલ, જેવેલિન થ્રોમાં દેવેન્દ્ર ઝાઝરિયા, સુંદરસિંહ, રિન્કુ, રણવીર અને સંદીપ રમશે. જ્યારે ક્લબ થ્રોમાં અમિતકુમાર અને ધરમવીર રમશે. ઉપરાંત પાવરલિફ્ટીંગમાં ફરમેન બાશા, શૂટિંગમાં નરેશ શર્મા અને સ્વિમિંગમાં સુયશ નારાયણ ચેલેન્જ આપશે.

પેરાલિમ્પિકમાં ભારતનો દેખાવ વખાણવા જેવો નથી જ. પહેલી વખત ૧૯૭૨ની પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો. સ્વિમિંગમાં મુર્બકાંત પાટકર ગોલ્ડ જીતી ગયો હતો. એ પછી ન્યૂયોર્ક પેરાલિમ્પિકમાં બે રજત અને બે બ્રોન્ઝ મેડલ જીતી લાવ્યા હતા. એ પછીની ચાર પેરાલિમ્પિકસમાં ભારતને એકપણ ચંદ્રક મળ્યો ન હતો. એ પછી ૨૦૦૪માં એથન્સ ખાતે ભારત વતી દેવેન્દ્ર ઝાઝરિયાએ જ્વેલિન થ્રોમાં ગોલ્ડ અને રાજિન્દરસિંહ પાવર લિફ્ટીંગમાં બ્રોન્ઝ મેડલ જીતી ગયા હતા. એ પછી ૨૦૦૮માં

યોજાઈ રહ્યોછે. તમે માનશો કે દિવ્યાંગોની ઓલિમ્પિક તો વળી સામાન્ય જ હશે ! તો તમે ભીંત ભૂલો છો. આ વખતે ૧૭૬ દેશોના ૪૫૦૦ એથ્લિટીરિયો પેરાલિમ્પિકમાં ભાગ લઈ રહ્યા છે. રિયોમાં તો બે નવી રમત પણ આ વખતે શરૂ થઈ રહી છે : કેનોઈંગ અને પેરાત્રિથ્લોન. કુલ ૨૩ રમતોની ૫૨૮ ઈન્વેટ યોજાશે. સમર ઓલિમ્પિકની જેમ જ ઓલિમ્પિક મશાલ સહિતની સેરેમની થશે. હા, એ ખરું કે આ વખતે રશિયા સ્ટેટ સ્પોન્સર ડોપિંગ પ્રોગ્રામમાં ભેરવાયું છે. તેથી તેના ખેલાડીઓને પેરાલિમ્પિકમાં પણ રમવા નહીં દેવાય. જો કે, બે ખેલાડીઓ એવા છે જેઓ રેફયુજી ટીમ તરીકે રમશે. તેમાં એક છે, સીરીયાનો ઈબ્રાહીમ અલ હુસેન અને બીજો ઈરાનનો શહરેદ નાશાઝીહરે.

હાથ ન હોય કે પગ ફક્ત અવશેષરૂપે જ હોય છે છતાં આવા ખેલાડીઓ કાંઈ ગાજ્યા જાય એવા નથી. તેઓ શરીરે સ્વસ્થ હોય એવા ખેલાડીઓને પણ ટક્કર મારે એવી રમત રમી જાણે છે. આવા દિવ્યાંગો રિયોમાં આર્ચરી, એથ્લેટિક્સ, સાઈકલિંગ, ફૂટબોલ, ગોલબોલ, જૂડો, પાવરલિફ્ટિંગ, રોલિંગ, સેઈલિંગ, શૂટિંગ, સ્વીમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, વ્હીલચેરમાં બેઠા બેઠા પણ રમી શકાય એવી બાસ્કેટબોલ, ફેન્સિંગ, રગ્બી, ટેનિસ વગેરે રમતો રમશે.

મતલબ કે સાજા ખેલાડીઓ રમી શકે એવી મોટાભાગની રમત આ દિવ્યાંગો રમશે, પરંતુ દુનિયા જાણે એ સૌથી અજાણ હોય એમ એ અંગેના સમાચારો કે લાઈવ ટીવી પ્રસારણો ભાગ્યે જ તમને જોવા મળશે. દિવ્યાંગોના કૌશલ્યને બિરદાવવાને બદલે આ રમતોત્સવ પડદા પાછળ જ રહી જશે. નહીંતર, આ ખેલાડીઓ પણ જે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે છે તે લાજવાબ છે.

આર્ચરીની જ વાત કરીએ તો તેમાં ઝેક રિપબ્લિકનો ડેવિડ દ્રાહોરીન્કલે, ઈટાલીના ઈલેઓનોરા સારતી, અમેરિકાના મેરૂ સ્ટુત્ઝમેન તો ઈરાનની ઝાહરા નૈમાનિ ઉપર સૌની નજર રહેશે. આ ખેલાડીઓ કાંઈ તેમની દિવ્યાંગતાની અનામતના આધારે પસંદ થયા નથી. તેઓ વિવિધ સ્તરે પોતાની રમતમાં અવ્વલ રહીને પેરાલિમ્પિકમાં પહોંચ્યા છે. ઝેકના ડેવિડની વાત કરીએ તો તે ગયા વર્ષે રમાયેલી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ વિજેતા છે. તો લંડન પેરાલિમ્પિકમાં તે રજત ચંદ્રક જીતી ગયો હતો. ઝાહરા ઈરાનનો છે છતાં તે પણ ગાજ્યો જાય એવો નથી. ૨૦૧૫ની એશિયન પેરાચેમ્પિયનશીપમાં અને ૨૦૧૩ની વર્લ્ડ ચેમ્પિયનશીપમાં તે ગોલ્ડ મેડલ વિજેતા છે. લંડન પેરાલિમ્પિક પણ તે ગોલ્ડ જીતી ગયો હતો.

સ્વિમિંગ તો હાથ અને પગની રમત છે, એવું આપણે માનીએ છીએ. તરવું હોય તો પાણીમાં હાથ અને પગ તો હલાવવા જ પડે. હા, કુશળતા મેળવ્યા પછી હાથ-પગ હલાવ્યા વિના તમે તરતા રહી શકો, પરંતુ જન્મથી જ હાથ ઠૂંઠા હોય તો તો પાણીમાં પડવાની પણ હિંમનત કેમ થાય. પરંતુ બ્રાઝિલના ડોનિએડ ડાયલના હાથ તો ફક્ત અવશેષ

એ પછીની ચાર પેરાલિમ્પિકસમાં ભારતને એકપણ ચંદ્રક મળ્યો ન હતો. એ પછી ૨૦૦૪માં એથન્સ ખાતે ભારત વતી દેવેન્દ્ર ઝાઝરિયાએ જ્વેલિન થ્રોમાં ગોલ્ડ અને રાજિન્દરસિંહ પાવર લિફટીંગમાં બ્રોન્ઝ મેડલ જીતી ગયા હતા. એ પછી ૨૦૦૮માં બેજિંગ ખાતેની પેરાલિમ્પિકમાં ભારત એકપણ ચંદ્રક જીતી શક્યું ન હતું. જ્યારે ૨૦૧૨ પેરાલિમ્પિકમાં ભારતને હાઈજમ્પમાં રજત ચંદ્રક અપાવી શક્યો હતો.

હવે રિયો પેરાલિમ્પિકમાં ભારતની આશા તો દેવેન્દ્ર પર છે. તે ૨૦૦૪માં ભારતને ગોલ્ડ અપાવી શક્યો હતો. એ સિવાયના ખેલાડીઓ પેરાલિમ્પિકમાં પહેલી વખત કૌવત દેખાડી શકશે કે કેમ એ તો સમય જ કહેશે, પરંતુ આ દિવ્યાંગો વિશ્વપટલ પર રમવા માટે સિલેક્ટ થાય એ પણ એક સિધ્ધિ જ કહેવાય ને ! ●

નોંધ :- રિયો પેરાલિમ્પિકની શરૂઆત થઈ ત્યારે આ લેખ લખાયેલ છે. ભારત માટે ગૌરવ લેવા જેવી બાબત છે કે ભારતીય દિવ્યાંગોએ બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ એમ કુલ ચાર મેડલ મેળવી ઐતિહાસિક જીત હાંસલ કરી છે. આવતો પેરાલિમ્પિક જાપાન ખાતે યોજાશે. તેમાં ભારતીય દિવ્યાંગ ખેલાડીઓ સરસ પ્રદર્શન કરશે. કારણકે સરકાર હવે દિવ્યાંગો માટે જાગૃત થઈ છે. વડાપ્રધાનશ્રી મોદી સાહેબને અભિનંદન.. તંત્રીશ્રી.


વિકલાંગ મિત્રાને હાર્દિક શુભેચ્છા સાહ...




મરચું | હળદર | ધાણાજીરૂ | ગરમ મસાલો | ચા મસાલો

All items are available Pack in Rs. 5/-, Rs. 10/-, Rs.15/-, 100gm, 200gm, 500gm, 1kg and 5kg.

Mfg by : **Pride Exim Pvt. Ltd.**
153/154 G.I.D.C., Ranasan, Ta: Vijapur, Dist Mehsana, Gujarat
Email:prideeximpvtltd@gmail.com, valajimasala@gmail.com
Web: www.prideexim.com, Mo: 9904432412

વિકલાંગ મિત્ર 3 સપ્ટે-ઓક્ટો-૨૦૧૬

## “વિકલાંગ મિત્ર”ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્વાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) શ્રી પ્રવિણભાઈ પંડ્યા, મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦) શ્રી જ્યોત્સનાબેન સુથાર, ફા.ઈન્ટરનેશનલ, અપંગ એકતા સમિતિ અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ
(૧૩) શ્રી રસીકભાઈ પટેલ, ભાદરણ, જિ.આણંદ હાલ- યુ. કે.
(૧૪) શ્રી નાનજીભાઈ કે. ડબાસીયા, માધાપર (કચ્છ)
(૧૫) શ્રી બકુલાબેન ઘાસવાલા, સાહિત્યકાર, વલસાડ
(૧૬) શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર, મોહનગઢ, જિ. વલસાડ
(૧૭) શ્રી તનમનબેન ગાંધી, સામાજિક કાર્યકર, મુંબઈ
(૧૮) શ્રી કિશોરભાઈ ભાનુશાળી, પ્રોફેસર, અમદાવાદ
(૧૯) શ્રી ભાસ્કરભાઈ મહેતા, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, ઈડર
(૨૦) શ્રી દિપકકુમાર રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી
(૨૧) શ્રી ફાધર વિલિયમ, ‘‘રિશ્તા’’, વડોદરા
(૨૨) શ્રી મધુબેન પી. પટેલ, શિક્ષિકા, બાલમંદિર, કડવાસણ, જિ.મહેસાણા
(૨૩) શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર,અમદાવાદ
(૨૪) શ્રી અશોકભાઈ પટેલ, પ્રમુખ, અપંગ એકતા સમિતિ, અમદાવાદ
(૨૫) શ્રી નવીનચંદ્રભાઈ મણીયાર, મુંબઈ
(૨૬) શ્રી હેમેન્દ્રભાઈ જણસારી, લોક સેવા સાર્વ. ટ્રસ્ટ, ભૂજ (કચ્છ)
(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ
(૨૮) શ્રી નટવરલાલ સોમાણી, જયબા સોમાણી પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ
(૨૯) શ્રી અશોકભાઈ પટેલ, ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર
(૩૦) શ્રી મહેશભાઈ એસ. પરમાર, મુ. જગુદણ, જિ. મહેસાણા
(૩૧) શ્રી સીતારામભાઈ પંડ્યા, નિવૃત્ત ડે. કલેક્ટર, ગાંધીનગર
(૩૨) શ્રી આશાબેન મહેતા, રત્નનીધી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
(૩૩) શ્રી નરેન્દ્રસિંહ એસ. અસ્વાર, શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત કન્યા ગુરુકુળ, ધંધુકા.

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં બાર વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર ‘‘વિકલાંગ મિત્ર’’ દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે ‘‘વિકલાંગ મિત્ર’’ માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ‘‘વિકલાંગ મિત્ર’’ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **“વિકલાંગ મિત્ર”**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **“વિકલાંગ મિત્ર”**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@ yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

તંત્રીશ્રી, **વિકલાંગ મિત્ર**
**મુ.પો. માટી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૪૨૭૯૫૮૭૧૧**
**viklangmitra@yahoo.com**



(૩૧) શ્રી સીતારામભાઈ પંડ્યા, નિવૃત્ત ડે. કલેક્ટર, ગાંધીનગર
(૩૨) શ્રી આશાબેન મહેતા, રત્નનીધી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
(૩૩) શ્રી નરેન્દ્રસિંહ એસ. અસ્વાર, શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત કન્યા ગુરુકુળ, ધંધુકા.

## માલપુરના દિવ્યાંગ બેન્ક ડિરેક્ટર પદે ચૂંટાયા

માલપુર નાગરિક સહકારી બેન્કની ચુંટણી તાજેતરમાં યોજાઈ ગઈ. જેમાં માલપુરના બંને પગે દિવ્યાંગ યુવાન જીજ્ઞેશભાઈ ભટ્ટ બેન્કના ડિરેક્ટર પદે ચૂંટાઈ આવ્યા છે. દિવ્યાંગ સમાજ માટે ગર્વની બાબત છે. શ્રી જીજ્ઞેશભાઈ ભટ્ટ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સારી કામગીરી બજાવે છે. તેમને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મળેલ છે. આમ તેઓ બહુ કાર્યશીલ દિવ્યાંગ છે. ''વિકલાંગ મિત્ર'' પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે. ●

*શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી.*
*- તંત્રીશ્રી*


Ability on Wheels
Handicapped
Mobility services & solutions for physically challenged
Call : 7046033888
ભારતની સૌથી પહેલી ડ્રાઈવીંગ સ્કુલ વીકલાંગો માટે ઓટોમેટીક તથા ગીયર કાર સાથે.
No. B -334, Third Floor, SOBO Center, South Bopal, Ahmedabad - 380058
E Mail : harish@abilityonwheels.org, Web Site : www.abilityonwheels.org


હ''વિકલાંગ મિત્ર''ને હાર્દિક શુભેચ્છા સહ...



ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૭મા જન્મદિન નિમિત્તે નવસારીના આંગણે સર્જાયા ત્રણ વિશ્વવિક્રમ

## દિવ્યાંગોને દયાની નહીં, હૂંફની જરૂર છે : મોદી




રાષ્ટ્રના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૭મા જન્મદિને નવસારીમાં યોજાયેલા કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે, દિવ્યાંગોને દયાની નહીં, પરંતુ હૂંફની જરૂર છે. માટે એવું સંવેદનાપૂર્ણ વાતાવરણ સર્જીએ કે તેમનામાં સ્વાભિમાન પ્રગટ થાય. તેમણે કહ્યું હતું કે, દિવ્યાંગો માત્ર બરાબરીના વ્યવહારની અપેક્ષા રાખે છે ત્યારે દિવ્યાંગો સ્વનિર્ભર બને તે દિશામાં સરકારે લીધેલા સંવેદનશીલ પગલાથી એક નવા સુસ્વસ્થ સમાજનું નિર્માણ થશે. નવસારીએ દિવ્યાંગજનોનો વિશ્વ રેકોર્ડ કરીને આગવી ઓળખ મેળવી છે, એટલું જ નહીં નવસારી આજે દિવ્યાંગજનોની સક્ષમતાનું શિરમોર બન્યું છે, અને હિન્દુસ્તાનની આગવી ઓળખ પણ બન્યું છે. દિવ્યાંગોને હૂંફ અને સાધન સહાય આપીને તેમને પગભર કરવાનો આ નિર્ણય અનુકરણિય છે. આઝાદીના ૭૦ વર્ષોમાં કોઈને ન મળ્યું હોય એવું દિવ્યાંગોની સેવા કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તેનો આનંદ છે.

દિવ્યાંગો પ્રત્યે સંવેદના એ સમયની માંગ છે અને તેમના માટે સુગમ્ય ભારત અભિયાનનો ઉલ્લેખ કરી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દિવ્યાંગો માટે અલગ શૌચાલય તેમજ અન્ય સુગમ્ય સુવિધાઓનો માટેનો અગાઉ કોઈએ પ્રયાસ નહતો કર્યો, ત્યારે

## દિવ્યાંગ રમતવીરો માટે રોકડ પુરસ્કાર યોજના

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા ખેલકૂદ નીતિ-૨૦૧૬ અંતર્ગત દિવ્યાંગ રમતવીરો માટે રોકડ પુરસ્કાર યોજના શરૂ કરવામાં આવી છે. જેનો અમલ નાણાંકીય વર્ષ-૨૦૧૬-૧૭થી કરવામાં આવશે. આ યોજનાની રૂપરેખા નીચે મુજબ છે.

**(૧) આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં વિજેતા દિવ્યાંગ રમતવીરો માટે :-**

- **ઓલમ્પિક ગેમ્સ :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૫ કરોડ, રજત ચંદ્રક માટે રૂા. ૩ કરોડ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૨ કરોડ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- **એશીયન ગેમ્સ :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૧ કરોડ, રજત ચંદ્રક માટે રૂા. ૧ કરોડ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૫૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- **કોમનવેલ્થ ગેમ્સ (પેરા એથ્લેટીક્સ) :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૧કરોડ, રજત ચંદ્રક માટે રૂા. ૫૦ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૨૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- **કોમનવેલ્થ ગેમ્સ (એશીયન ચેમ્પી.સિનિયર્સ) :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૫૦ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૩૦ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૨૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- **કોમનવેલ્થ ગેમ્સ (એશીયન ચેમ્પી.જુનિયર્સ) :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૨૫ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૧૫ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૧૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

**(૨) બ્લાઈન્ડ સ્પોર્ટસ(વિઝ્યુઅલી ઈમ્પેર્ડ), હીયરીંગ ઈમ્પેર્ડ, સ્પેશિયલ ઓલમ્પિક્સ સ્પોર્ટસ :-**

આઈબીએસએ, ડેફલીમ્પિક્સ, સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ ગેમ્સ (ઈન્યરનેશનલ મેન્ટલી ચેલેન્જ ખેલાડીઓ માટે)ની ઈન્વેટમાં દિવ્યાંગ રમતવીરોને સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૧૫ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૧૦ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ડબલ જેવી ઈન્વેટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનાર ખેલાડીને વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૫૦ ટકા રકમ અને ટીમ ઈન્વેટમાં વ્યક્તિગત રોકડ પુરસ્કારની રકમના ૩૩ ટકા

દિવ્યાંગો પ્રત્યે સંવેદના એ સમયની માગ છે અને તેમના માટે સુગમ્ય ભારત અભિયાનનો ઉલ્લેખ કરી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દિવ્યાંગો માટે અલગ શૌચાલય તેમજ અન્ય સુગમ્ય સુવિધાઓનો માટેનો અગાઉ કોઈએ પ્રયાસ નહતો કર્યો, ત્યારે અમારી સરકારે સંપૂર્ણ સંવેદના સાથે તેને અભિયાનનું સ્વરૂપ આપ્યું છે, અને દેશના ૫૦થી વધુ મહાનગરોની ઈમારતોમાં અલાયદી સવલતો ઉપલબ્ધ કરવાની દિશામાં અમે કામ હાથ ધર્યું છે.

દિવ્યાંગોનું જીવન સરળ બને તે માટેના પ્રયાસોનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સર્વમાન્ય સાંકેતિક ભાષા માટેની લેબનું કામ ચાલું છે. આ માટે કાયદો પણ બનાવાયો છે, ત્યારે સાંકેતિક ભાષા દિવ્યાંગો માટેનું એક નવું પરિમાણ બનશે. આગામી સમયમાં દિવ્યાંગોને ધ્યાનમાં લઈ સરકારી કચેરીઓના મકાનોની રચના કરવાની દિશામાં નવા પગલા લીધા છે, અને તેને પગલે દિવ્યાંગો માટે સુવિધાઓ વધશે. સરકારે વિકલાંગ, અપંગના બદલે દિવ્યાંગ શબ્દ આપ્યો છે. શારીરિક ખોડખાંપણને બદલે તેમનામાં રહેલી અપાર શક્તિને સામર્થ્યવાન ઓપ અપાય તો દિવ્યાંગો માટે સુવિધાઓ વધશે. ઓલિમ્પિકમાં ચાર દિવ્યાંગો મેડલ લઈને આવ્યા ત્યારે દેશને દિવ્યાંગોના સામર્થ્યનો ખ્યાલ આવ્યો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે દિવ્યાંગો માટેનો સંવેદનાસભર કાર્યક્રમ કરીને વડાપ્રધાનશ્રીએ પોતાના જન્મદિનની ઉજવણી કરી છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત એમ ચાર શહેરોમાં સુગમ્યતા અભિયાન હેઠળ દિવ્યાંગો માટે રૂા. ૧૦૦ કરોડના ખર્ચે લીફ્ટ વિગિરોની સુવિધા ઊભી કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યમાં યોજાતા ખેલમહાકુંભમાં દિવ્યાંગો માટે સવિશેષ આયોજન પણ કરવામાં આવશે.

કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતે જણાવ્યું હતું કે, વડાપ્રધાનક્ષીની દીર્ઘદૃષ્ટિ તથા દિવ્યાંગો પ્રત્યેની સંવેદનાને કારણે આ યશ ગુજરાતને મળ્યો છે. સુગમ્ય ભારત અભિયાન દ્વારા દેશના ૫૦ મહાનગરોમાં બસ સ્ટેન્ડ, એરપોર્ટ અને રેલ્વે સ્ટેશન પર દિવ્યાંગો માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરાશે.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રી દ્વારા પડકારોને પડકાર પુસ્તકનું વિમોચન કરાયું હતું. જેમાં ૬૭ દિવ્યાંગોના કૌશલ્યને ઉજાગર કરતા પ્રસંગો વણી લેવાયા છે. ઉપરાંત ૧૧ હજાર દિવ્યાંગોને દત્તક લેનાર ૧૭ હજાર લોકોની યાદી નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલે વડાપ્રધાનશ્રીને અર્પણ કરી હતી. જ્યારે સુમૂલ ડેરી દ્વારા રૂા.૬૭ લાખનો ચેક વડાપ્રધાનશ્રીને અર્પણ કરાયો હતો. આ રકમ દિવ્યાંગોના સ્કીલ ડેવલોપમેન્ટ માટે વપરાશે. ●

૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ડબલ જેવી ઈન્વેટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનાર ખેલાડીને વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૫૦ ટકા રકમ અને ટીમ ઈન્વેટમાં વ્યક્તિગત રોકડ પુરસ્કારની રકમના ૩૩ ટકા રકમ આપવામાં આવશે.

**(૩) નેશનલ સિનિયર્સ અને જુનિયર્સ ચેમ્પિયનશીપમાં વિજેતા દિવ્યાંગ ખેલાડીઓ માટે :-**

● **વ્યક્તિગત રમતો :-** પેરા સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૨ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૧ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૫૦ હજારક રોકડ પુરસ્કાર આપવામાં આવશે. વિઝ્યુઅલી ઈમ્પેર્ડ સ્પોર્ટસ, હીયરીંગ ઈમ્પેર્ડ સ્પોર્ટસ અને સ્પેશીયલ ઓલમ્પિક સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૩૦,૦૦૦, રજત ચંદ્રક માટે રૂા. ૨૦,૦૦૦ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૧૦,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

● **સાંઘિક રમતો :-** પેરા સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૫૦,૦૦૦, રજત ચંદ્રક માટે રૂા. ૨૫,૦૦૦ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૧૨,૫૦૦-૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. વિઝ્યુઅલી ઈમ્પેર્ડ સ્પોર્ટસ, હીયરીંગ ઈમ્પેર્ડ સ્પોર્ટસ અને સ્પેશીયલ ઓલમ્પિક સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૭,૫૦૦, રજત ચંદ્રક માટે રૂા. ૫,૦૦૦ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૩,૫૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

**(૪) રાજ્ય સરકારની નિવૃત્ત રમતવીરો માટે પેન્શન યોજના :-**

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષામાં નોંધપાત્ર ફાળો આપનાર ૫૦ વર્ષથી ઉપરના નિવૃત્ત ખેલાડીઓને કોઈપણ આવકની મર્યાદા મગર આજીવન પેન્શ માસિક રૂા. ૩,૦૦૦-૦૦ આપવામાં આવશે.

આ યોજનાની વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. ●

## વિકલાંગ ઓળખકાર્ડની મુદત અંગે

વિકલાંગોને એસ.ટી.માં વિનામૂલ્યે મુસાફરી યોજના હેઠળ વિકલાંગ ઓળખકાર્ડ આપવામાં આવેલ છે. જે કિસ્સામાં ઓળખકાર્ડની મુદત તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ અને ત્યાર પછી પૂરી થતી હોય તેવા કિસ્સામાં ઓળખકાર્ડની મુદત તા. ૩૧-૧૦-૨૦૧૬સુધી લંબાવવામાં આવેલ છે. જેની નોંધ લેશો. ●

**PUBLISHER,OWNER** :BHARATBHAI R. PATEL,**PRINTAR:** PRAVINBHAI K. PATEL, **PLACE OF PRINTING** : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, **PLACE OF PUBLICATION** : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 **EDITOR** : BHARATBHAI R. PATEL